# કાર્બન કટ અંગે ભારતની પ્રતિબદ્ધતા - વધુ પ્રયત્નો કરવાની જરૂર

## ભારત, ચીન, યુએસ અને અન્ય દેશોએ કાર્બન ઉત્સર્જન ઘટાડાનું જે વચન આપ્યું છે, તેને વધુ વિસ્તૃત કરવાની જરૂર છે.

2 ઓક્ટોબરના રોજ ભારત સરકારે ક્લાયમેટ ચેઈન્જ ક્ષેત્રે નિયત યોગદાન અંગેનો ઈરાદો દર્શાવતો રાષ્ટ્રીય દસ્તાવેજ Intended Nationally Determined Contribution (INDC) યુનાઇટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન (યુએનએફસીસીસી) સમક્ષ પ્રસ્તુત કર્યો. પહેલી નજરે ખુબ મહત્વાકાંક્ષી લાગતી આ INDC માં 2030ના વર્ષ સુધી બિન-અશ્મિભૂત ઇંધણ આધારિત ઊર્જા સ્ત્રોતોમાંથી લગભગ 40% સંચિત વીજ ઉત્પાદનની સ્થાપિત ક્ષમતા હાંસલ કરવાનો લક્ષ્યાંક છે અને ઉત્સર્જનનું પ્રમાણ 2005ના સ્તર અનુસાર 33-35 ટકા ઘટાડવાની વાત મુખ્ય છે. આ સ્વચ્છ ઊર્જાના સ્ત્રોતો અપનાવી ઓછા પ્રદૂષણવાળા રસ્તે આર્થિક વૃદ્ધિ હાંસલ કરવાના મુખ્ય પરિવર્તનની બાબત છે.

એક તરફ INDC માં સમાવાયેલ ઉદ્યોગોમાં ઊર્જા કાર્યક્ષમતા વધારવી, જાહેર પરિવહન વ્યવસ્થાનું વિસ્તરણ, રૂફ-ટોપ સોલાર પાવર જેવી બાબતો પ્રશંસનીય છે પરંતુ આ INDC દસ્તાવેજનું હાર્દ ઘણું નિરાશાજનક છે.

સૌપ્રથમ,આ દસ્તાવેજ ( INDC) માં બિન- પરંપરાગત કે 'નવીનીકરણીય' (renewable) શબ્દને સ્થાને 'બિન-અશ્મિભૂત ઇંધણ(non-fossil fuels) નો ઉપયોગ કરે છે. જેને કારણે પરમાણુઉર્જાથી ઉત્પન્ન કરતી વીજળીની 10 GW ની સ્થાપિત ક્ષમતાને 63 GW સુધી વિસ્તરણ કરવાનો વિકલ્પ ખુલ્લો રખાયો છે. પરમાણુઉર્જાને 'સલામત' અને 'પર્યાવરણને સૌમ્ય' એવા શબ્દોથી ઓળખાવાઈ છે.

બીજું, બિન- પરંપરાગત કે 'નવીનીકરણીય' (renewable) ના નેજા હેઠળ આ દસ્તાવેજ ( INDC) માં 100 GW (ગીગાવોટ) થી વધુ માત્રામાં હાઇડ્રોપાવર ઉત્પાદનની વિશાળ સંભાવના દર્શાવાઈ છે. અત્યારે આપણા દેશની સ્થાપિત હાઈડ્રોપાવર ક્ષમતા 46 GW છે જે પૈકી 42 GW વીજળીનું ઉત્પાદન મોટા હાઈડ્રો પ્રોજેક્ટ કરે છે. નાના હાઈડ્રોપાવર પ્રોજેક્ટને અગ્રતા અપાતી ન હોવાને કારણે આ સૂચિત લક્ષ્યાંક મોટા હાઈડ્રો પ્રોજેક્ટના વધુ વિસ્તરણથી પૂરો કરાશે તેવી પૂરતી સંભાવના છે. નાજુક હિમાલયન ઇકોસિસ્ટમને ખલેલ પહોંચાડી રહેલા ડઝનેક પ્રોજેક્ટ હાલમાં બાંધકામ હેઠળ છે કાં તો વિચારાયેલ છે.

અમૂલ્ય એવી હિમાલયન ઇકોલોજીને નુકસાન, સામાજિક વિસ્થાપન, નદીઓ અને જંગલોને નુકસાન, નીચાણવાળા વિસ્તારોના લોકો અને કૃષિને થતી અસરો, જળાશયોમાંથી થતું મિથેન ઉત્સર્જન જેવી અસરો ગંભીર થતી જશે. મોટા હાઈડ્રો પાવર પ્રોજેક્ટથી ઉત્પાદિત ઉર્જા એ **'સ્વચ્છ ઊર્જા'** નથી જ.

ત્રીજું, મોટા પાયે સૌર અને પવન ઉર્જા ઉત્પાદનથી પર્યાવરણીય અને સામાજિક સમસ્યાઓ ઉભી થાય છે – જેમકે સામુદાયિક જમીનો પડાવી લેવી. આ દસ્તાવેજ લક્ષ્યાંક પૈકીની 40% ઉર્જા વિકેન્દ્રિત રીતે ઉત્પાદિત કરવા (Decentralised Renewable Energy - DRE) ની વાત મૂકી શક્યું હોત – આવું કરાય તો આ ઉર્જા પરિસ્થિતિકીય રીતે ઓછી નુકસાનકર્તા બને અને ગરીબોને ઘરઆંગણે ઊર્જા પૂરી પાડી શકાય. કેન્દ્રીકૃત મોટા પાયે ઊર્જા ઉત્પાદન કરીને વીજળી ગ્રીડમાં મૂકાય છે, જેનો ઉપયોગ ગરીબો કરી શકતા નથી, આપણા દેશની આ મોટી સમસ્યા છે. ઊર્જા મેળવવાનો આ ન્યાયિક મુદ્દો ઊર્જા બાબતો સાથે જોડાયેલા લોકશાહી અંગેના મુદ્દાને પ્રતિબિંબિત કરે છે – ઉર્જા સ્રોત, વિતરણ અને ભાવ અંગેના નિર્ણય કોણ કરે? વિકેન્દ્રિત રીતે ઉર્જા ઉત્પાદન (DRE) સાથે આ નિર્ણય કરવાની તાકાત પણ સમુદાયોને મળશે.

ચોથી મહત્વની બાબત છે, ઉત્સર્જન ઘટાડાનું લક્ષ્ય હાંસલ કરવા માટે ભારતે તીવ્ર ગતિ અપનાવવી પડશે જેને કારણે કાર્બન ઉત્સર્જનમાં વ્યાપક વધારો થશે. આપણે વર્ષ 2005-30 દરમિયાન સરેરાશ જીડીપીનો વૃદ્ધિ દર 5-6% ધારીએ તો , વર્ષ ૨030માં ભારતની ઉત્સર્જન ક્ષમતા વર્ષ 2005માં જે હતી તેના કરતા 2.5-2.8 ગણી વધુ હોય. વર્ષ ૨૦૦૭ માં કાર્બન ઉત્સર્જન 1,904 million tonnes હતું તે પ્રમાણે ગણતરી કરીએ તો વર્ષ ૨030 માં પાંચ બિલિયન ટન કાર્બન ઉત્સર્જનની સંભાવના છે.

ઉત્સર્જનમાં થતા આ વિશાળ વધારાને વારંવાર ' વિકાસ’ ની વાત સાથે જોડાઇને ન્યાયી ઠેરવાય છે. વીજળીની ખાધ પૂરવા માટે, પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે આ ઉત્સર્જન વાજબી હોવાની દલીલ કરાય છે. પરંતુ સામાજિક સૂચકાંકો કોઈ બીજું ચિત્ર રજૂ કરે છે - વીજળીની બિન ઉપલબ્ધતા (INDC ના દસ્તાવેજ મુજબ 30૪ મિલિયન લોકો સુધી વીજળી પહોંચી નથી), વાસ્તવિક ઓછું વેતન, ગરીબીનું સ્તર અને અસુરક્ષિત રોજગાર. આ પરિસ્થિતિમાં કાર્બન ઉત્સર્જનમાં થતો વધારો માત્ર આર્થિક વૃદ્ધિ માટે હશે કે ગરીબોને નોંધપાત્ર લાભ થશે એ ગંભીર પ્રશ્ન છે.

આ INDC માં, 'સ્વચ્છ કોલસો’(‘clean coal’) ની વાત 'સ્વચ્છ ઊર્જા' (‘clean energy’) તરીકે મૂકાઈ છે જે અત્યંત ભ્રામક છે . કોલસો 'ડર્ટી' હોય અથવા 'ક્લીન - સ્વચ્છ', કોલસો મોટે પાયે જંગલ અને વસવાટના વિસ્તારોમાંથી ખનન કરીને મેળવવો પડે છે, જેનો સીધો અર્થ છે મોટાપાયે જંગલનું નિકંદન, વિસ્થાપન અને અન્ય વિપરીત અસરો.

આ INDC કાર્બન સંગ્રહ ક્ષમતા વધારવા માટે પણ ધ્યેય રાખે છે – 10 લાખ હેક્ટર જમીનમાં જંગલ વિસ્તારની વૃદ્ધિ અને જંગલોની સુધારણા દ્વારા દર વર્ષે 100 મિલિયન ટન જેટલી કાર્બન સંગ્રહની ક્ષમતા વધારવા માટેનું ધ્યેય રખાયું છે. અત્યાર સુધી જમીનો પર આધારિત સમુદાય પાસેથી જમીન છીનવીને અમુક ચોક્કસ જાતના વૃક્ષોના વાવેતર કરાયુ છે (ઘણી વખત તેમના અધિકારોને નજર અંદાજ કરાયા છે) કેટલાક કિસ્સામાં ઘાસના મેદાનો જેવા બિન જંગલ ઇકો-સીસ્ટમ વિસ્તારમાં વાવેતર કરાયું છે. પ્રતિબધ્ધ રીતે લોક સમુદાયની ભાગીદારી સાથે, જૈવિક વિવિધતાને કેન્દ્રસ્થાને રાખીને લોકોના અધિકાર આધારિત વ્યૂહરચના અપનાવવાની વાત અહીં ગાયબ છે.

બે અંતિમ બાબતો – નંબર એક, સરકાર ફરીથી વાસ્તવિકતાને ગરીબીની પાછળ છુપાવી રહી છે. ભારતનું વાર્ષિક માથાદીઠ ઉત્સર્જન 1.56 મિલિયન ટન હોવાનું કારણ ભારતીયો પ્રકૃતિ સાથે મૈત્રીપૂર્ણ જીવનશૈલી અને પદ્ધતિમાં માને છે એ છે. આની સામે એ વાતને નજરઅંદાજ કરાય છે કે ભારતમાં 175,000 ઘરોમાં સરેરાશ અમેરિકન કે યુરોપિયન કરતાં વધારે માથાદીઠ કાર્બન ઉત્સર્જન થાય છે.
બીજું, ભારતનું માથાદીઠ ઉત્સર્જન ઓછું હોવાના કારણો છે – અસમાન આર્થિક સ્થિતિ, વપરાશ અને સંચિત સંપત્તિની અસમાનતા – જે મોટે ભાગે વર્તમાન આર્થિક વૃદ્ધિના પરિણામો છે.

જોખમ ઘટાડવા અને આબોહવા પરિવર્તનની અસરો સ્વીકારવાની લોકોની ક્ષમતા વધારવાની બાબત અસરકારક ગરીબી નિવારણ, ટકાઉ ખેતી કે અન્ય આજીવિકાના સ્રોત દ્વારા ખાદ્ય સુરક્ષાની સ્થિતિમાં સુધાર, જૈવવિવિધતા જાળવણી, જાહેર સ્વાસ્થ્ય જેવા મુદ્દાઓ સાથે સંલગ્ન છે. આ જોડાણ INDC દસ્તાવેજમાં સ્પષ્ટ કરવામાં આવ્યા નથી અને ભારતના સમૃદ્ધવર્ગના અનિયંત્રિત ઉપભોકતાવાદ પર અંકુશ મુકવાની કોઈ પ્રતિબદ્ધતા નથી દર્શાવાઈ. પ્રબળ ઉપભોકતાવાદ સાથે વધુ ઉર્જા વપરાશ અને વસ્તુ વપરાશને ઉતેજન આપતો વિકાસ સંકળાયેલ છે આ વાત INDC દસ્તાવેજમાં સાઈડલાઈન કરાઈ છે.

આ દસ્તાવેજમાં **"તત્પરતા "** નો ભાવ ગાયબ છે, વૈશ્વિક સ્તરે વિવિધ ચર્ચાઓ ચાલી રહી છે કે એક ચોક્કસ બિંદુ પછી આપણા સૌ માટે પાછા ફરવું અશકય છે. એટલે જ ભારત, ચીન, અમેરિકા અને અન્ય મોટા ઉત્સર્જનકર્તાઓના INDC દસ્તાવેજમાં વધુ મોટી જવાબદારી અને પૃથ્વીને ગ્લોબલ વાર્મિંગના ગભીર પરિણામોથી બચાવવા માટેના પગલાઓ સામેલ હોવા જોઈએ. પેરીસ ખાતેની આગામી બેઠકમાં આ જ મુખ્ય બાબત રહેવાની છે.

**શ્રી આશિષ કોઠારી અને શ્રી નાગરાજ આડવે દ્વારા "હિંદુસ્તાન ટાઇમ્સ" માં પ્રકાશિત લેખનો મુકત અનુવાદ ફાલ્ગુની જોષીએ કર્યો છે** (લેખક પરિચય - આશિષ કોઠારી પૂણે સ્થિત કલ્પવૃક્ષ સંસ્થા સાથે જોડાયેલા છે; શ્રી નાગરાજ આડવે India Climate Justice સંસ્થાના સભ્ય છે.)